www.chipsairexp.com
CHIPS Express
પરદેશ પાર્સલ સર્વિસ
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૦ | ૨ ડિસેમ્બર, ૨૦૧૯, સોમવાર; માગસર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવેમ્બરમાં જીએસટી કલેક્શન ૧ લાખ કરોડ

**જીએસટી કલેક્શનમાં ગત વર્ષની સરખામણીમાં ૬ ટકાનો વધારો નોંધાયો : નવેમ્બરમાં જીએસટી કલેક્શન ૧.૦૩ લાખ કરોડ રહ્યું, અગાઉ ઓક્ટોબર અને નવેમ્બરમાં ઘટાડો નોંધાયો હતો**



ન્યુ દિલ્હી,તા.૧

તાજા જાહેર થયેલાં સરકારી આંકડાઓ મુજબ, નવેમ્બર મહિનામાં જીએસટી હેઠળ ૧.૦૩ લાખ કરોડ રૂપિયાનો મહેસૂલ સંગ્રહ થયો. તેમાં કેન્દ્રીય જીએસટીનો હિસ્સો ૧૯,૫૯૨ કરોડ રૂપિયા જયારે રાજય જીએસટી ૨૭,૧૪૪ કરોડ રૂપિયા રહ્યો છે. ઈન્ટિગ્રેટેડ ગુડ્ઝ અને સર્વિસ ટેક્સનાં રૂપમાં ૪૯,૦૨૮ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા છે. સેસનાં રૂપમાં ૭,૭૨૭ કરોડ રૂપિયા મળ્યા છે.


એક સત્તાવાર નિવેદન મુજબ આ વખતે નવેમ્બરમાં કેન્દ્રીય જીએસટીમાંથી ૧૯,૫૯૨ કરોડ રૂપિયા, રાજ્ય જીએસટીમાંથી ૨૭,૧૪૪ કરોડ રૂપિયા, ઈન્ડિગ્રટેડ જીએસટીમાંથી ૪૯,૦૨૮ કરોડ રૂપિયા અને જીએસટી સૅસમાંથી ૭,૭૨૭ કરોડ રૂપિયા વસૂલાયા છે. ઈન્ડિગ્રટેડ જીએસટીમાંથી ૨૦,૯૪૮ કરોડ રૂપિયા આયાતમાંથી વસૂલ્યા છે. આ જ રીતે સેસની વસૂલીમાં ૮૬૯ કરોડ રૂપિયા આયાતિત માલ પર સેસથી પ્રાપ્ત થયા છે.

આની પહેલાં સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં જીએસટી સંગ્રહમાં વાર્ષિક આધાર પર ઘટાડો નોંધાયો છે. નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે, સ્થાનિક લેણ-દેણ પર જીએસટી સંગ્રહમાં ૧૨ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. આ વર્ષે જીએસટી મહેસૂલમાં સૌથી સારી માસિક વૃદ્ધિ થઈ છે.

નવેમ્બરમાં જીએસટી કલેક્શન ૧ લાખ કરોડને પાર કરી ગયું, તે સરકાર માટે રાહત માનવામાં આવે છે. ઘણા કાપ છતાં જીએસટી કલેક્શન સતત ત્રણ મહિનાથી એક લાખ કરોડ રૂપિયાથી નીચે ચાલી રહ્યું હતું.

## સરકારની ટીકા કરતાં લોકો ડરે છે : રાહુલ બજાજ

**યૂપીએ-૨ શાસનમાં અમે સરકારની ખૂલ્લીને ટીકા કરી શકતા હતા : બજાજ : તમારે કોઇ ડરવાની જરૂર નથી, અમને વિરોધનો કોઇ જ ડર નથી : અમિત શાહ**



ગૃહ પ્રધાન અમિત શાહ, રેલવે પ્રધાન પિયુષ ગોયલ અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે એક કાર્યક્રમમાં ઉદ્યોગપતિના પ્રશ્નોના જવાબો આપ્યા હતા. ત્રણેય પ્રધાનોએ પ્રજ્ઞા ઠાકુરથી લઈ આર્થિક સ્થિતિ તથા કાશ્મીર મુદ્દા અંગે સરકારનો પક્ષ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિ રાહુલ બજાજે કર્યું હું કે દેશમાં ડરનો માહોલ છે. છ૭-૨ શાસનમાં અમે સરકારની ખુલ્લીને ટીકા કરી શકતા હતા. વર્તમાન સમયમાં તમે સારું કામ કરી રહ્યા છો, તેમ છતાં જો અમે ટીકા કરશું તો અમને ખબર નથી કે તમે તેની પ્રશંસા કરશો કે નહીં. આ અંગે શાહે કહ્યું હતું કે જો આમ હોય તો અમારે સ્થિતિ સુધારવા માટે પ્રયાસ કરવો પડશે.

રાહુલ બજાજે સંસદમાં પ્રજ્ઞા ઠાકુરના નિવેદન અંગે પણ સવાલ ઉભા કર્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે, વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે તેઓ પ્રજ્ઞા ઠાકુરને મનથી કદી માફ નહીં કરી શકે. તેમ છતાં પણ ભાજપના સાંસદને ગૃહમાં સલાહકાર કમિટીના સભ્ય બનાવવામાં આવ્યા.

# હિન્દુત્વ વિચારધારાની સાથે જ છું : ઉદ્ધવ

મુંબઈ, તા. ૧

કોંગ્રેસના ધારાસભ્ય નાના પટોલે મહારાષ્ટ્ર વિધાનસભાના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. રાજ્ય વિધાનસભાની હજુ સુધી રહેલી પરંપરા મુજબ જ તેમની સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. શિવસેના, એનસીપી અને કોંગ્રેસના નવા ગઠબંધન મહા વિકાસ અઘાડીએ તેમને સંયુક્તરીતે સ્પીકર પદના ઉમેદવાર બનાવ્યા હતા. આ પહેલા વિપક્ષી દળ ભાજપે સ્પીકર પોસ્ટ માટે પોતાના ઉમેદવાર કિશન કઠોરેનું નામ છેલ્લી ઘડીએ પાછુ લઈ લીધું હતું. પટોલેની ચૂંટણી કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, નાના પટોલે એક કિસાન પરિવારમાં આવે છે. તેમણે કહ્યું હતું કે, તમામ સાથે ન્યાય કરશે તેવી તેમને આશા છે.

મહારાષ્ટ્ર વિધાનસભામાં અધ્યક્ષપદની ચૂંટણી બિનહરીફ કરવાની પરંપરા રહી છે. આ વખતે પણ પરંપરા જાળવી રાખવામાં આવી છે. મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે રહ્યું હતુ કે, ભાજપે વિધાનસભા સ્પીકર પદ માટે કિશન કઠોરેના નામનું સૂચન કર્યું હતું. જો કે, ચૂંટાયેલા ધારાસભ્યોના નિવેદન બાદ વલણ બદલી દેવામાં આવ્યું હતું. રાજ્યની ઉદ્ધવ સરકારમાં કેબિનેટ મંત્રી અને એનસીપીના નેતા છગન ભુજબળે કહ્યું હતુ કે, પહેલા વિપક્ષે પણ સ્પીકર પોસ્ટ માટે ઉમેદવાર ઉભા રાખ્યા હતા પરંતુ ધારાસભ્યો તરફથી અનુરોધ કરવામાં આવ્યા બાદ નામ પાછુ ખેંચી લીધું હતું. મુખ્યમંત્રી ઉદ્ધવના નેતૃત્વમાં ગઠબંધનની સરકાર બની ચુકી છે. નાના પટોલે ભાજપના પૂર્વ સાંસદ છે. તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કરીને સાંસદપદેથી રાજીનામુ આપ્યું હતું. ત્યારબાદ ભાજપ સાથે છેડો ફાડી લીધો હતો અને કોંગ્રેસમાં જોડાયા હતા. દરમિયાન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા બાદ ઉદ્ધવ ઠાકરેએ ફડનવીસ પ્રત્યે

● અનુસંધાન પાના ૭ પર



## ન્યુઝ ટ્રેક

**ઈન્ડોનેશિયાના જંગલોમાં આગ**

ઈન્ડોનેશિયાના બોર્નિયોમાં આવેલા વરસાદી જંગલોમાં વિકરાળ અને વિનાશકારી આગ ફાટી નીકળી છે. આ આગ પાડોશી દેશો મલેશિયા અને બ્રુનેઈ સુધી ફેલાઈ છે. ૪ હજાર કિમી સુધી દાવાનળ ફેલાયો છે.

**લદાખની ગાડીઓને અલગ ઓળખ મળશે**

જમ્મુ કાશ્મીરમાંથી અલગ થયા બાદ લદાખની ગાડીઓ માટે સરકારને 'ન્છ' પંજીકરણનુ ટેગ જારી કર્યુ છે. નવુ ટેગ મળતા હવે લદાખની ગાડીઓને પોતાની અલગ ઓળખ મળશે.

**લાહોલમાં પારો શુન્ય ડીગ્રી**

દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તાર લાહોલ સ્પિતિમાં પારો શુન્ય ડીગ્રીથી નીચે પહોંચ્યો છે. અહીના તમામ ઝરણાઓ ઠંડીના કારણે બરફમાં ફેરવાઈ જતાં ચિનાબ નદીમાં પાણીની આવક ઘટી ગઈ છે.

**રાંધણ ગેસના સિલિન્ડરમાં ૧૩.૫૦ રૂ.નો વધારો**

રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે. રસોઈ ગેસની કિંમતોમાં સતત ચોથા મહિને વધારો થયો છે. રાંધણ ગેસની સિલિન્ડર દીઠ કિંમતમાં ૧૩.૫૦ રૂપિયાનો વધારો કરાયો છે. ૧ ડિસેમ્બર ૨૦૧૯થી વધેલી કિંમત લાગૂ થઈ ગઈ છે.

**અમેરિકાના સાઉથ ડકોટામાં વિમાન ક્રેશ**

અમેરિકાનાં સાઉથ ડકોટામાં પ્લેન ક્રેશ થઈ ગયું છે. આ અકસ્માતમાં ૯ લોકોનાં મોત થયા છે. સ્થાનિક મીડિયા પ્રમાણે વિમાનમાં ૧૨ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

Intraday Free Brokerage
In CASH - F & O - OPTION
With 50 Times Limit
Free D'met Account With
"O" Balance Bank A/c
Call 99747 03401

# શેરબજારમાં હાલ મંદીની સંભાવના : કારોબારીમાં ચિંતા

**જીડીપી ડેટા, આરબીઆઈ બેંક, કોર સેક્ટર આઉટપુટની અસર : અમેરિકા અને ચીન વચ્ચે વધતી જતી તંગદિલીના કારણે વૈશ્વિક અર્થતંત્ર પર માઠી અસર**

મુંબઈ, તા.૧

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં પ્રવાહી સ્થિતિ રહેવાની શક્યતા દેખાઈ રહી છે. નવા કારોબારી સત્રમાં જીડીપી ગ્રોથ, કોર સેક્ટર



અને ફિસ્કલ ડેફિસિટના આંકડા સહિત શ્રેણીબદ્ધ આર્થિક આંકડાઓની અસર જોવા મળી શકે છે. ફિસ્કલ ડેફિસિટના આંકડા શુક્રવારના દિવસે જારી કરવામાં આવ્યા હતા. નવા સપ્તાહમાં આ તમામ આંકડાઓની સીધી અસર શેરબજાર પર જોવા મળશે. આ સપ્તાહમાં જ રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠક મળનાર છે જેમાં વ્યાજદરને લઈને નિર્ણય કરવામાં આવી કે છે. આ ઉપરાંત અમેરિકા અને ચીન વચ્ચે વેપાર સંબંધોને લઈને પણ મડાગાંઠની સ્થિતિ થયેલી છે.

જીડીપી ગ્રોથ રેટમાં ઘટાડો થયા બાદ તેની અસર આવતીકાલે રહ્યા બાદ જોરદાર ઘટાડો થઈ શકે છે. ભારતના જીડીપી ગ્રોથ રેટના આંકડાને લઈને નિરાશા પ્રવર્તી રહી છે. શુક્રવારના દિવસે આ આંકડો જારી કરવામાં આવ્યો હતો. જીડીપી ગ્રોથરેટ ઘટીને જુલાઈ-સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ૪.૫ ટકા થઈ ગયો હતો

● અનુસંધાન પાના ૭ પર

# આર્થિક મંદીની વચ્ચે વ્યાજ દર વધુ ઘટાડવાનો તખ્તો ગોઠવાયો

**વ્યાજદરમાં કુલ ૧૩૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો : ત્રીજી ડિસેમ્બરથી આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક**

મુંબઈ, તા. ૧

રિઝર્વ બેંકની પોલિસી સમીક્ષાની બેઠક ત્રીજી ડિસેમ્બરથી શરૂ થઈ રહી છે. આ બેઠક નિર્ણાયક રહી શકે છે જેમાં બેઠકના અંતિમ દિવસે વ્યાજદરને લઈને નિર્ણય લેવામાં આવી શકે છે. આર્થિક સુસ્તી વચ્ચે રિઝર્વ બેંક રેટમાં વધુ કાપ મુકીને આગળ વધી શકે છે. આરબીઆઈ રેટમાં કાપ મુકવા ઈચ્છુક છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ પણ આવો જ અભિપ્રાય ધરાવે છે. આ વર્ષે રિઝર્વ બેંકે પોલિસી રેટમાં ૧૩૫ પોઈન્ટ સુધીનો ઘટાડો કરી દીધો છે. વપરાશમાં મંદીને લઈને પણ ચિંતા પ્રવર્તી રહી છે. આરબીઆઈ દ્વારા નાણાંકીય પોલિસી સમીક્ષામાં કયા નિર્ણય લેવાશે તેને લઈને કોર્પોરેટ જગતની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ વર્ષે પાંચ વખત આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં કુલ ૧૩૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરી દીધો છે. પોલિસી મેકર્સ માની રહ્યા છે કે, એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં તેજી લાવવા માટે હજુ ઘટાડો જરૂરી છે. ગયા સપ્તાહના નબળા ડેટાથી આ માનવા માટેનું કારણ કે, વ્યાજદરમાં હજુ ઘટાડો કરવામાં આવશે. આગામી બેઠકમાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. વિકાસદર ઘટીને ૫.૬ ટકા સુધી પહોંચી ચુક્યો છે. આર્થિક મંદીની સાથે સાથે વૈશ્વિક માંગ પણ ઘટી રહી છે. રોકાણકારો રિપરચેઝ રેટને લઈને સટ્ટો લગાવી રહ્યા છે. રિપરચેઝ રેટ હાલમાં ૫.૧૫ ટકા છે. આગામી ૧૨ મહિનામાં તે ઘટીને ૫ ટકા રહી શકે છે. માર્ચના અંત સુધી તે ઘટીને ૫.૭૫ ટકા થઈ શકે છે. આગામી મહિનાઓમાં હાલ મંદી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# આર્થિક મંદીથી ભારત ટૂંકમાં બહાર આવશે : અમિત શાહ

**સિસ્ટમની સફાઈ માટેના પગલાનો દોર ખતમ : કોઇ ચીજને લઇ ભયભીત થવાની જરૂર નથી : ચિંતાઓની સાથે સૂચનો કરવા અમિત શાહની ઉદ્યોગપતિઓને સલાહ**

મુંબઈ, તા. ૧

કેન્દ્રિય ગૃહપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અમિત શાહે કબુલાત કરી છે કે ભારતીય અર્થવ્યવસ્થા હાલમાં મંદીના દોરમાંથી પસાર થઈ રહી છે. જો કે અમિત શાહે ખાતરી આપી હતી કે ભારતીય અર્થવ્યવસ્થા ટુંક સમયમાંજ મંદીના દોરમાંથી બહાર આવી જશે. તેમણે કહ્યુ હતુ કે સિસ્ટમની સફાઈ માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાનો દોર હવે ખતમ થઈ રહ્યો છે. શ્રેણીબદ્ધ કઠોર નિર્ણય કરવામાં આવ્યા હતા. જેની અસર અર્થતંત્ર પર થાય તે સ્વાભાવિક છે. કારોબારી જગતમાં ટેક્સ આથોરિટીના ભયને લઈને ફેલાયેલી ચિંતા પર જવાબ આપતા તેમણે કહ્યુ હતુ કે કોઈને પણ ભયભીત થવાની જરૂર નથી. કારણ કે તમામ કઠોર પગલાનો દોર હવે પૂર્ણ થયો છે. આગળ હવે સારો સમય આવનાર છે. એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યુ હતુ કે આર્થિક સુસ્તી હાલમાં રહેલી છે.સુસ્તીની વાત કબુલ કરતા તેમણે કહ્યુ હતુ કે અને નાણાંકીય સેક્ટરમાં થયેલા ખોટા કામોને રોકવા માટે મોદી સરકાર દ્વારા ખુબ વધારે પગલા લેવામાં આવ્યા હતા. ખાસ કરીને કઠોર પગલા લેવામાં આવ્યા હતા.



તેમને વિશ્વાસ છે કે દેશ વહેલી તકે મંદીના દોરમાંથી બહાર આવી જશે. સરકાર સમક્ષ પોતાની ચિંતાઓને રજૂ કરવાની સાથે સાથે જરૂરી સુચનો કરવામાં આવે તે પણ જરૂરી છે. શાહે કહ્યુ હતુ કે બેકિંગ જેના કારણે તકલીફ પડી રહી છે. જો કે હવે આવા પગલાની કોઈ જરૂર દેખાઈ રહી નથી. કાર્યક્રમમાં શાહે કહ્યુ હતુ કે સુસ્તી આવી છે પરંતુ અમે સ્લો થયા નથી. સરકાર તમામ જરૂરી પગલા લઈ રહી છે.

## ત્રાસવાદી માળખાને ફૂંકવા પાકિસ્તાન પર દબાણ વધ્યું

**ભારત અને જાપાને પાકિસ્તાન પર દબાણ વધાર્યું : ભારત અને જાપાનની વચ્ચે વિદેશ- સંરક્ષણ પ્રધાન સ્તરની પ્રથમ વાતચીતમાં જુદા જુદા પાસાઓ પર કરાયેલી ચર્ચા**

નવીદિલ્હી, તા. ૧

વિદેશ અને સંરક્ષણ પ્રધાન સ્તરની મંત્રણા ભારત અને જાપાન વચ્ચે યોજાઈ છે. આવી પ્રથમ મંત્રણામાં સુરક્ષા વ્યવસ્થા અને સાથે સાથે વેપારના મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ હતી. વિદેશ અને સંરક્ષણ મોરચા પર ભારત અને જાપાન વધુ નજીકના સંબંધ જાળવી રાખીને આગળ વધવા માટે ઈચ્છુક છે. ભારત અને જાપાને આ વાતચીત દરમિયાન આતંકવાદી માળખા સામે વધુ નક્કર કાર્યવાહી કરવા પાકિસ્તાનને સૂચના આપી હતી. ગ્લોબલ એન્ટી ટેરર વોચડોગ ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા લેવામાં આવેલા પગલા સહિત આતંકવાદને ખતમ કરવા આંતરરાષ્ટ્રીય કટિબદ્ધતા સાથે આગળ આવવા પાકિસ્તાનને કહેવામાં આવ્યું હતું. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંરક્ષણમંત્રી રાજનાથસિંહ અને વિદેશમંત્રી જયશંકર દ્વારા કરવામાં આવ્યું હતું જયારે જાપાનનું નેતૃત્વ વિદેશમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. જાપાનના સંરક્ષણમંત્રી તારોકોનો પણ આ બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

REQUIRED
One of The leading Stock Market leader Required staff for New Branches
At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR.
• EQUITY DEALER CASH / F & O
• BACK OFFICE EXECUTIVE • MARKETING EXECUTIVE
Attractive Salary + Incentive + Petrol...
Banking & finance experience prefer. fresher also apply to
bestboi123@gmail.com OR WhatsApp No. : 99747 03401

## મારૂતિ સુઝૂકીના કારના વેચાણમાં ૨ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૧

મારૂતિ સુઝુકી ઈન્ડિયાનું વેચાણ નવેમ્બર મહિનામાં ૧.૯ ટકા ઘટીને ૧,૫૦,૬૩૦ એકમ પર આવી ગયું છે. કાર બનાવતી દેશની સૌથી મોટી કંપનીના વેચાણમાં ઘટાડો થવાથી સ્પષ્ય થાય છે કે, દેશમાં મંદીની સ્થિતિ હજુ પણ યથાવત છે.

કંપનીએ કહ્યું કે, ગત મહિના કરતા ઘરેલૂ વાહનોનું વેચાણ ૧.૬ ટકા ઘટીને નવેમ્બર ૨૦૧૮ના વેચાણ ૧,૪૬,૦૧૮ એકમની સરખાણીમાં ૧,૪૩,૬૮૬ એકમ રહ્યું છે.

આ દરમિયાન ઓલ્ટો અને વૈગનઆર સહિત મિની શ્રેણીના વાહનોનું વેચાણ ૨૯,૯૫૪ એકમોથી ૧૨.૨ ટકા ઘટીને ૨૬,૩૦૬ એકમ રહ્યું છે.

જોકે, આ દરમિયાન સ્વિફ્ટ, સેલેરિયો, ઈગ્નિસ, બલેનો અને ડિઝાયર સહિત કોમ્પેક્ટ શ્રેણીની કારોનું વેચાણ ૭.૬ ટકા વધીને ૭૮,૦૧૩ એકમ પર પહોંચી ગયું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225